Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ચૈત્ર

પુસ્તક ૭૫ મું
અંક ૬
૧૦ મી એપ્રીલ

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯

सुइं च लद्धुं सद्धं च,
वीरियं पुण दुल्लहं ।
वहवे रोयमाणावि,
तो य णं पडिवज्जए ॥

माणुसत्तम्मि आयाओ,
जो धम्मं सोच्च सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं,
संवुडे निद्धुणे रयं ॥

કદાચ ધર્મમાર્ગના શ્રવણનો પ્રસંગ સાંપડ્યો અને તેમાં શ્રદ્ધા પણ બેઠી, તેમ છતાં ય તે પ્રમાણે વર્તવા સારુ યોગ્ય પુરુષાર્થ કરવાનું ભારે દુર્ઘટ બને છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓ 'ધર્મમાર્ગમાં પોતે શ્રદ્ધા તો રાખે છે' એમ કહેતા હોય છે પણ તે પ્રમાણે વર્તી શકતા નથી અર્થાત્ શ્રદ્ધા થયા પછી પણ તે પ્રમાણે પુરુષાર્થ કરવો ઘણો દુર્લભ બને છે.

મનુષ્ય જન્મમાં આવેલો એટલે ખરેખર મનુષ્ય તેને જ સમજવો કે જે, ધર્મવચનોને સાંભળે, પછી તેમાં વિશ્વાસ રાખે, પછી તે પ્રમાણે તપસ્વી બની સંવરવાળો થઈ પોતાને લાગેલ પાપમળને ખંખેરી નાખવાનો પુરુષાર્થ કરે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | सतीसूक्तषोडशिका .... .... | ( પં. શ્રી ધુરંધરવિજયજી ) | ૬૨ |
| ૨ | શ્રી વીર જન્મકલ્યાણક | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૬૬ |
| ૩ | ઐન્દ્ર-સ્તુતિ-ચતુર્વિંશતિકા-સાનુવાદ | ( અનુ૦ મુનિશ્રી હેમચંદ્રવિજયજી ) | ૬૭ |
| ૪ | શ્રી વર્દ્ધમાન મહાવીર :: ૨૨ | ( સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા ) | ૬૮ |
| ૫ | સંપત્તિ મેળવો પણ કેવી? | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૭૨ |
| ૬ | અધૂરું સ્વપ્ન .... | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૭૪ |
| ૭ | યન્ત્રરાજનું રેખાદર્શન : ૨ .... | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) | ૭૭ |
| ૮ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક : ૨૧ | ( અનુ૦ આ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી ) | ૭૮ |
| ૯ | પુસ્તકોની પહોંચ .... .... .... | ટા. પેજ | ૩ |


### છ"રી" પાળતો શ્રી સિદ્ધગિરિનો સંઘ

ભાવનગરનિવાસી સ્વ. શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈના ધર્મપત્ની હેમકુંવર બહેન તરફથી ઉપા. શ્રી ધર્મવિજયજી મહારાજશ્રી આદિની નિશ્રામાં ફાગણ વદ ૧ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થનો છ"રી" પાળતો સંઘ કાઢવામાં આવ્યો હતો, જેમાં કુટુંબીજનો ઉપરાંત ભાવિકોએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો. વરતેજ, સીહોર અને મઢડા થઈને ફાગણ વદ ૪ના શ્રીસંઘ પાલીતાણે પહોંચતા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સામૈયું કરવામાં આવેલ. ફાગણ વદ ૫ના પ્રાતઃકાળે વાજતે-ગાજતે ગિરિરાજની યાત્રા કરી, બપોરના ઉપાધ્યાય મહારાજશ્રી આદિની ઉપસ્થિતિમાં હેમકુંવર બહેન, વોરા શાન્તિલાલ અમરચંદ વિગેરેએ તીર્થમાળા પહેરી હતી. સાંજના સંઘ યાત્રાળુ તથા સાધર્મિકોનું પ્રીતિભોજન યોજવામાં આવેલ.

### વ્રતોચ્ચારણ

પ. પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય મહારાજશ્રી વિજયપ્રેમસૂરિજી આદિ ભાવનગર પધારતા, સુંદર સામૈયું કરવામાં આવેલ. ફા. વદ ૧૦ના રોજ દાદાસાહેબ પધારતાં, આપણી સભાના સભાસદ શ્રી મણિલાલ મગનલાલે નાણ મંડાવી ચતુર્થવ્રત ઉચ્ચરતાં, બીજા ભાવિકજનોએ વિવિધ વ્રતો ઉચ્ચર્યા હતા. પૂજા, પ્રભાવનાદિ પણ કરવામાં આવેલ.

### રજતમહોત્સવ

ઘોઘાના શ્રી નવપદ આરાધકમંડળને પચીસ વર્ષ પૂરા થતાં હોઈ આ ચૈત્રી ઓળી [illegible] મહારાજાઓ આમંત્રણ પત્રિકા મોકલતાં ઓળી કરવા માટે આવનાર ગૃહસ્થોની વ્યવસ્થા કરવામાં આવશે, શ્રી [illegible] શ્રી શત્રુંજય તીર્થની ભવ્ય રચના કરવામાં આવશે. [illegible] પ્રતિદિન પૂજા, આંગી, ભાવના તથા રોશની દ્વારા મહોત્સવને સારી રીતે ઉજવવાનું નિર્ણીત કરેલ છે. સુપ્રસિદ્ધ સંગીતકાર રસિકલાલ પણ આ પ્રસંગે આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૫ મું<br>અંક ૬ | ચૈત્ર | વીર સં. ૨૪૮૫<br>વિ. સં. ૨૦૧૫ |
|---|---|---|


## सतीसूक्तषोडशिका

### १. ब्राह्मी

( मात्राछन्द )

दक्षिणकरदक्षा, पक्षवलक्षा, भगवदुपज्ञमधीतवती, गिरममितमतिः ।
वरवरदायतिनी प्रथमाव्रतिनी, प्रथमजिनपतीर्थप्रथिता, मथितव्यथिता ॥
वरबाहुबलीनं संवरलीनं, गमितुमनाः श्रिततक्षशिला, शुभमहमहिला ।
स्मृतगतभवमाया विजितकषाया, भवजलपारं मुक्तिमिता ब्राह्मी नमिता ॥ १ ॥

### २. चन्दनबाला

प्रतिलाभितवीरा जलधिगभीरा धीरा सुरगरिणातुलिता गुणगणकलिता ।
गतभवजलतीरा श्रीनासीरा संयमचीरालङ्करणा जितमोहरणा ॥
चन्दनसमशीता जिनपतिगीता चित्रचरित्राधर्मधना गतजनिनिधना ।
व्रतिनीवरशाला चन्दनबाला चरमजिनेश्वरसाध्वितमा वृतमुक्तिरमा ॥ २ ॥

( क्रमशः )

—पं. श्री धुरन्धरविजयजी

For Private And Personal Use Only

# શ્રી વીર જન્મ કલ્યાણક

( શિખરિણી )

વસંતે ઓઢાડ્યા હરિત શુભ વસ્ત્રો અવનિને,
ફળો પાક્યા મીઠા કુસુમિત સુગંધો સહુ વને;
સુમો આમ્રે ખીલ્યા પિક મધુર ગાનો સુખ વદે,
વનશ્રી આનંદે મદભર થઈ નર્તન બધે. ૧

ઊગ્યો છે આકાશે શશધર ધરી શાંત કિરણો,
તદા કુંડગ્રામે મગધ વરદેશે મુદ ઘણો;
તિહાં જન્મ્યા શ્રીમાન્ ચરમ જિન સિદ્ધાર્થભવને,
ધરે માતા ખોળે સુમતિ ત્રિશલા હર્ષિતમને. ૨

સુઘોષા ઘંટાના શ્રુતિમધુર નાદો પ્રગટિયા,
નિનાદો તેના સૌ પ્રતિ અમરયાને બહુ થયા;
તદા વાંકી વાધ્યા અમરજન હર્ષોમિત ઘણા,
ઇશ સંદેશો એ પ્રભુ જન્મકલ્યાણકતણા. ૩

થઇ હર્ષે ઘેલી અમરલલના મંગલ વદે,
અલંકારો ધારી રુચિર વસનો ધારણ કરે;
થયા ભેગા ઇંદ્રો અમર મુખથી મંગલ ભણે,
નગેન્દ્રે આવ્યા છે પ્રભુ જન્મકલ્યાણકતણે. ૪

તિહાં દેવો લાવ્યા ચરમ જિન શ્રી વીર પ્રભુને,
ઘણા વાદ્યો વાગે જય જય ભણે સર્વ જિનને;
થયો મેરુશૃંગે અમરજન કોલાહલ ઘણો,
સમારંભો થાય સ્તુતિ ગુણ મનાયે પ્રભુતણા. ૫

ધર્યા ખોળે ઇંદ્રે પ્રમુદિત થઇ વીર જિનને,
કરી રૂપો પાંચ પ્રચુર જિનભક્તિ ધરી મને;
પખાળ્યા દેવોએ વિપુલ જલથી વીર પ્રભુને,
અપૂર્વાનંદે શ્રી પ્રભુ જનમકલ્યાણકતણે. ૬

થઇ હર્ષે ઘેલી જિન-જનમથી કુંડનગરી,
કરી માંગલ્યોની રુચિર રચના ઉત્સવભરી;
વધાવ્યા પુષ્પોથી મુદિત થઇ સિદ્ધાર્થ નૃપને,
બધા સેવા અર્પે નમન ત્રિશલા માત-ચરણે. ૭

થજો આનંદેથી સુભગ ધન ધાન્યે યુત સહુ,
સુખે ભોગો સર્વે સ્વપરહિત સાધી સુખ બહુ;
થજો બુદ્ધિ ધર્મે પરહિત ગમો સર્વ જનને,
પ્રભુ જન્મ્યા જાણી વિનય શુચિ જામો સહુ મને. ૮

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'–માલેગામ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

न्यायविशारद–न्यायाचार्य–महोपाध्याय श्रीमद्यशोविजयगणिप्रवरप्रणीता–

# ऐन्द्र–स्तुति–चतुर्विंशतिका (सानुवादा)

अनुवादक : मुनिराजश्री हेमचन्द्रविजयजी

## श्रीअभिनन्दनजिनस्तुतिः ॥

त्वमभिनन्दन ! दिव्यगिरा निरा–
कृतसभाजनसाध्वस ! हारिभिः ।
अहतधैर्य ! गुणैर्जय राजितः,
कृतसभाजन ! साध्वसहारिभिः ॥ १ ॥ (द्रुतविलम्बितवृत्तम्)

સકલ અતિશયથી યુક્ત યોજનગામિની દિવ્યવાણીવડે જેમણે સભાજન–શ્રોતાજનોના આલોક સંબંધી ભયને દૂર કર્યો છે, ઉત્તમ પુરુષોના વિરોધી–દુર્જન મનુષ્યોથી જેમનું ધૈર્ય ખંડિત થયું નથી, જેમણે (જગતના જીવમાત્ર પ્રત્યે) સ્નેહભાવ સંપાદિત કર્યો છે, એવા મનોહર ગુણોથી શોભાયમાન શ્રી અભિનન્દન સ્વામીશ પ્રભો ! આપ વિજય પામો. ૧

भगवतां जननस्य जयन्निहा-
ऽऽशु भवतां तनुतां परमुत्करः ।
त्रिजगतीदुरितोपशमे पटुः,
शुभवतां तनुतां परमुत्करः ॥ २ ॥

ત્રણે જગતના પાપને શાન્ત કરવામાં સમર્થ, સકલ સાંસારિક સુખોથી ઉત્કૃષ્ટ મોક્ષ-સુખને કરનાર–આપનાર, અને અન્તરંગ કામક્રોધાદિ શત્રુઓને જીતનાર શ્રી તીર્થંકર દેવોનો સમુદાય આ જગતમાં પુણ્યશાલી એવા તમારા જન્મોને જલ્દીથી થોડા–ઓછા કરો. ૨

त्रिदिवमिच्छति यश्चतुरः स्फुरत्-
सुरसमूहमयं मतमऽर्हताम् ।
स्मरतु चारु ददत् पदमुच्चकैः,
सुरसमूहमयं मतमर्हताम् ॥ ३ ॥

જે કોઇ (સારાસાર વિવેકવાન્) ચતુર પુરુષ દેવતાઓના સમુદાયથી વિલસાય-માન સ્વર્ગને ઇચ્છતો હોય તે, પૂજ્ય પુરુષોને અભિલષિત મોક્ષરૂપી ઉત્તમ સ્થાનને આપ-નાર, શાન્ત રસથી યુક્ત, ઉત્કૃષ્ટ વિચારવાળા અને મનોહર એવા શ્રી જિનેશ્વરદેવોના આગમ-નું સ્મરણ કરે. ૩

धृतसकाण्डधनुर्द्युतु तेजसा,
न रहिता सदया रुचिराजिता ।
मदहितानि परैरिह रोहिणी,
नरहिता सदया रुचिराऽजिता ॥ ४ ॥

બાણ સહિત ધનુષ્યને ધારણ કરનાર, પ્રતાપથી યુક્ત, સુન્દર ભાગ્યવાળા, કાન્તિથી શોભાયમાન, મનુષ્યોના હિતને કરનાર, શત્રુઓથી નહીં જીતાયેલ, દયાવાળા એવા શ્રી રોહિણી દેવી આ જગતમાં મારા અપ્રિય–અહિતને કરનાર દુઃખોને ખંડિત કરો. ૪ (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

લેખાંક : ૨૨

### અશ્વગ્રીવનો ક્રોધ અને હુકમ

પણ ચંડવેગ દૂતની સાથે રાજપરિવાર હતો તે તો ચંડવેગ પર આક્રમણ થતાં ઊભી પૂંછડીએ નાસી ગયો હતો, તે રત્નપુર પહોંચી ગયો હતો અને તેમણે મહારાજા અશ્વગ્રીવ આગળ દૂત ચંડવેગના થયેલા હાલહવાલની વાતો મીઠું મરચું ભભરાવી કહી હતી. ચંડવેગ તો બે દિવસ પોતનપુર રહીને, રાજાના આતિથ્યનો લાભ લઇને રત્નપુર આવ્યો ત્યાં તો એની પહેલાં મહારાજા અશ્વગ્રીવને સર્વ સમાચાર મળી ગયા હતા. એટલે ચંડવેગે રાજસભામાં પ્રવેશ કર્યો ત્યાં રાજાની લાલ આંખ જોઇ લીધી. દૂત પોતે ઘણો ચાલાક હતો એટલે વાતને નરમ પાડી દીધી. પોતાના વૃત્તાંતનું નિવેદન કરતાં એણે મહારાજાને જણાવ્યું કે "દેવ! આપના તાબામાં સેંકડો મુકુટ-બદ્ધ રાજાઓ છે તેમાં પ્રજાપતિનું સ્થાન અનેરું છે. એણે મહામૂલ્યવાન ભેટો આપને મોકલી છે. અને જરૂર પડે ત્યારે મદદ કરવા લશ્કરની સારી ભરતી કરી રાખી છે. એના પુત્રે વગર ઓળખાણે મારી ચેષ્ટા કરી, મને માર્યો પણ એ વાતની પ્રજાપતિ મહારાજા-ને ખબર પડી એટલે એમને બહુ ખેદ થયો અને તે તેણે પોતે મારી પાસે વ્યક્ત કર્યો. બાળકના નાદાન-પણાનો એણે જરાયે બચાવ કર્યો નહિ અને આપનો સેવકભાવ ચાલુ છે એમ તેણે મને વારંવાર જણાવ્યું."

આ પ્રમાણે કહીને ચંડવેગે પોતાની સાથે આણેલી ભેટસોગાદની વસ્તુઓનો ઢગલો મહારાજા અશ્વગ્રીવ પાસે રજૂ કર્યો અને અનેક સેવક રાજાઓમાં પ્રજા-પતિનું સ્થાન નિમકહલાલ અને મદદગાર તરીકે ખૂબ ઊંચું છે એમ ખાતરી આપી.

દૂતમાં બોલવાની કુશળતા ખૂબ હોય છે. એ જો કોઇનું વાંકું બોલે તો તેનું ભીંવરડ કાઢી નાખે અને વખાણ કરે તો તેને આસ્માને ચઢાવી દે. ચંડવેગ જાતે ઘણો કાબેલ, અનુભવી અને વયોવૃદ્ધ હતો. એણે આખી વાતને જુદા પ્રકારનો ઝોક આપી મહારાજા પ્રજાપતિ પર આવી પડવાનો બોજ ફેરવી નાખ્યો, વાતને ઢીલી પાડી ઉડાવી દીધી અને છેવટે તેણે મહારાજાનો જય બોલાવી રજા લીધી. મહારાજા અશ્વગ્રીવ હકી-કતનો આકાર જાણી કાંઇ બોલ્યા નહિ, ભેટ-સોગાદ જામદારખાનામાં મોકલવા હુકમ થતાં વસ્તુઓ રાજમાં દાખલ થઇ અને ચંડવેગ દૂત પોતાને ઘેર વિદાય થયો.

અશ્વગ્રીવ રાજાધિરાજે ત્યાર પછી એકાંતમાં ખૂબ વિચાર કર્યો. એ પોતે પ્રચંડ ક્રોધી હતો અને સાથે રાજનીતિજ્ઞ પણ હતો. જો દૂતે પોતાના નિવે-દનમાં આડું અવળું કહ્યું હોત તો તો એ તુરત જ પ્રજાપતિ મહારાજા તરફ મોરચો માંડી મૂકત અને એને પોતાના બળ અને લશ્કર માટે એટલું ગુમાન હતું કે એ થોડા અરસામાં પ્રજાપતિનો પરાજય કરી નાખત એવી એની દૃઢ માન્યતા હતી, પણ જ્યારે ચંડવેગ દૂતે પ્રજાપતિને રાજ્યના વિશ્વાસુ સેવક તરીકે જણાવ્યો અને જ્યારે મૂલ્યવાન ભેટો રજૂ કરી ત્યારે અશ્વગ્રીવને કાંઇ બોલવાનું રહ્યું નહિ. રાજનીતિ એને કહેતી હતી કે કોઈ રાજા લડાઈ જાહેર કરે અથવા ખંડણી ન ભરે, અથવા પોતાની આણ ન સ્વીકારે, તો તેના ઉપર આક્રમણ કરાય, પણ જ્યારે પ્રજાપતિ તેની આજ્ઞા સ્વીકારતો હોવા ઉપરાંત, મૂલ્યવાન ભેટો મોકલી આપે અને પોતાની સેવા રાજકાજમાં અર્પણ કરવાની તત્પરતા દાખવે, ત્યારે પ્રચલિત નીતિ પ્રમાણે એની સામે કાંઈ થઇ શકે નહિ અને અહીં તો ચંડવેગે પ્રજાપતિ રાજાની સ્વામીભક્તિના અને મગધદેશના જનોમાં મહારાજા અશ્વગ્રીવના યશોગાનની એવી એવી વાતો કરી કે સામાન્ય રીતે પ્રજાપતિ રાજા સામે કાંઈ પગલાં લેવાની વાતનો ઉચ્ચાર પણ ન થઈ શકે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### અશ્વગ્રીવનો નવો હુકમ

પણ અશ્વગ્રીવ પ્રચંડ શાસનવાળો હતો. એને નિમિત્તિયાનું ભવિષ્યકથન યાદ હતું. જે માણસ ચંડવેગ દૂતનું અપમાન કરે તે તેનો હણનાર થવાનો હતો, એ વાત મહારાજા અશ્વગ્રીવ કોઇ રીતે ભૂલી શકયો નહિ. પણ એને મનમાં શંકા પડી ગઈ કે પોતાને મારનાર મગધદેશના પોતનપુરમાંથી શોધવો પડશે. એને રાજા પ્રજાપતિ માટે માન ઉત્પન્ન થયું, એણે દૂતની વાત સંદેહ પડતી પણ માની, પણ દૂતનું અપમાન કરનાર છોકરો જરા પણ નરમ પડયો હોય કે એણે માફી માગી હોય એવું વાતમાં કાંઈ નીકળ્યું નહિ. પ્રેમાળ પિતાએ છોકરાની નાદાનીયત બતાવી એ એક વાત છે, પણ છોકરો તો મક્કમ અને અડીખમ રહ્યો છે, અણનમ અને અક્કડ રહ્યો છે એ નોંધવા જેવી બીજી વાત છે. ચંડવેગને નાગો કર્યા પછી પ્રજાપતિએ ગમે તેટલી સુશીલતા, નમ્રતા અને સહાનુભૂતિ બતાવી પણ છોકરો ત્રિપૃષ્ઠ તો એવો ને એવો જ રહ્યો, એટલે વાતને વધારે ચકાસી જોવાની જરૂરીઆત પ્રજાપતિને લાગી. એને એમ થયું કે કોઈ રીતે રાજા પ્રજાપતિને ગુન્હામાં લાવી ખેદાનમેદાન કરવો જોઇએ અને તે રીતે તેના દીકરા ત્રિપૃષ્ઠનો કાંટો વચ્ચેથી કાઢી નાખવો જોઇએ. એને પ્રજાપતિ રાજાના કરતાં પોતાની પડી હતી, એણે નિમિત્તિયાને મજાકમાં ઉડાવી દીધો હતો, પણ એણે ભાખેલ ભવિષ્ય એના મન પર અસર કરી ગયું હતું, એટલે અશ્વગ્રીવે પોતાના મનમાં ઘાટ ઘડવા માંડયા અને કોઈ બહાને પ્રજાપતિને મુશ્કેલીમાં નાખી એને ખેદાનમેદાન કરવાની અને તે દ્વારા ત્રિપૃષ્ઠને ઉડાવવાની વિચારણા ગોઠવવા માંડી. પોતે બહાદુર હોવાથી ગમે તેવા હુકમ કરવાની વિરુદ્ધ હતો અને રાજ્યનીતિને અંગે ખોટી વાત કરી નામ બગાડવા ઇચ્છતો નહોતો. પોતનપુર મગધ દેશમાં હતું અને તુંગગિરિ પરનો સિંહ અનેક રીતે રંજાડ કરતો હતો અને રાજાને ખાવાના શાલી-(ચોખા)ની ઉત્પત્તિ ત્યાં શંખપુરમાં થતી હતી અને શંખપુરમાં ખેતરોનાં રક્ષણ માટે દર વર્ષે એક રાજાને મોકલવામાં આવતો હતો એ વાત યાદ કરી મહારાજા અશ્વગ્રીવે દૂતદ્વારા હુકમ પાઠવ્યો કે આ વર્ષે શાલીના ખેતરનું રક્ષણ રાજા પ્રજાપતિ કરે. આ હુકમ કરવામાં નિમિત્તિયાના ભવિષ્ય કથનનો બીજો ભાગ ચકાસી જોવાની પણ મહારાજાની ઇચ્છા હતી. પ્રજાપતિ રાજા ઘરડો થવા આવ્યો હતો અને મહારાજા અશ્વગ્રીવ આવું ખેતરોમાં ચાર છ માસ ગાળવાનું અને પહેરો ભરવાનું કામ પોતાને સોંપે એમાં એને જરા તોછડાઇ લાગી, પણ અશ્વગ્રીવના હુકમો પ્રચંડ જ નીકળતા અને એના હુકમોની ફેર તપાસણી કરવા તેની પાસે જવાની કોઈની હિંમત ચાલતી નહિ. પ્રજાપતિ રાજા પાસે અશ્વગ્રીવનો દૂત આવ્યો અને મહારાજાએ આ વર્ષે શંખપુરના શાલિ ખેતરોનું રક્ષણ કરવાનું કામ રાજા પ્રજાપતિને સોંપ્યું છે તે હુકમ સંભળાવ્યો.

પ્રજાપતિ વિષયી હતો, પણ કામેલ હતો. તાજેતરમાં શંખપુરમાં જવાના હુકમની પાછળ પોતાના પુત્ર ત્રિપૃષ્ઠે ચંડવેગ દૂતના કરેલ અપમાનની ગંધ એણે જોઈ લીધી, પણ ચંડવેગનો એણે એટલો ભારે સત્કાર કર્યો હતો કે ચંડવેગ આવી રીતે પોતાની વિરુદ્ધ કાંઇ વાતો કરે તે વાત પ્રજાપતિને બેઠી નહિ. ગમે તેમ હોય, પણ મહારાજાનો હુકમ માન્ય કર્યા સિવાય બીજો રસ્તો તેને ન દેખાણો. પોતાનું પોતનપુર મગધદેશમાં હતું. શંખપુર પણ મગધ સામ્રાજ્યમાં જ હતું અને તુંગગિરિ પર્વત રાજગૃહીની બાજુમાં જ હતો, ભયંકર સિંહ એ તુંગગિરિ પર વસવાટ કરી રહ્યો હતો, અને આજુબાજુમાં ભારે ત્રાસ વર્તાવી રહ્યો હતો. પણ શંખપુર અને રાજગૃહીને અંતર હતું એટલે ખાસ ભયનું કારણ નહોતું, છતાં ખાસ રક્ષણ વગર શંખપુરમાં ખેડુતો શાલિ વાવતા નહોતા. એમને ભય રહેતો કે જો બરાબર રક્ષણના સાધનો ન હોય તો કોઈ પણ વખતે પશુરાજ સિંહને શંખપુરના પાદરમાં આવવાનો ભય તો ખરો જ, એટલે દર વરસે કોઈ કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાની મોટી ટુકડી શંખપુર મોકલવાનો રવૈયો પડી ગયો હતો, પણ અત્યાર સુધી ત્યાં નાના ગરાસદારો અને પટાવતોને મોકલવામાં આવતા હતા. પચાસેક માણસો તીર–કામઠાં લઈને જાય અને ત્યાં ચોમાસાનો કાળ અને પછીના બે માસ કાઢે અને શાળી લણી લેવાય ત્યારે ઘરભેગા થઈ જાય. આવી ફરજ જેને માથે આવે તેને વેઠ તરીકે એનો અમલ કરવો પડતો, પણ અત્યાર સુધીમાં એવો હુકમ નાના જમીનદારો પર જ નીકળતો. રાજા પ્રજાપતિ તો પ્રમાણમાં મોટો રાજા ગણાય, એની ગણતરી મુગટબદ્ધ રાજાઓમાં થતી, એના રાજ્યમાં બસે ઉપરાંત ગામો હતા. એવા મોટા રાજા પાસે આવું પસાયતાનું કામ કરાવવાનો હુકમ નીકળે એ જરા વિચિત્ર વાત હતી અને તે સમયની પ્રવૃત્તિને અનુરૂપ ન હતી.

પણ ગમે તેવો ગાંડાઘેલો કે સમજણ વગરનો હુકમ હોય પણ તે મહારાજાધિરાજ રાજરાજેશ્વર અશ્વગ્રીવનો હુકમ હતો, એની આણા અફર હતી, એનું શાસન અપ્રતિહત હતું, એનું વચન અનુલંઘ્ય હતું. રાજા પ્રજાપતિને હુકમ માનવા સિવાય બીજો માર્ગ નહોતો. પોતાની હદના અન્ય રાજાઓને આવા પ્રકારનો હુકમ અગાઉ થયો નહોતો અને કોઈ રીતે પોતાનો વારો આવાં કાર્ય માટે આવવો જોઈતો નહોતો એ જાણવા છતા પ્રજાપતિએ શંખપુર જવાની તૈયારી કરવા માંડી. પોતે મહારાજાનો હુકમ માન્ય રાખી દૂતને રાજધાની તરફ વિદાય કર્યો.

## ત્રિપૃષ્ઠ અને સિંહ

પિતા પ્રજાપતિ શંખપુર જવા માટે તૈયારી કરી રહ્યા હતા અને તેને માટે ઘોડા, રથ અને નાના પાયા પર લશ્કરને ઉદ્‌બોધન કરવામાં આવતું હતું, ત્યાં ત્રિપૃષ્ઠને આ વાતની જાણ થઈ. ત્રિપૃષ્ઠ અત્યારે યુવાવસ્થાને ઓવારે આવી પહોંચ્યો હતો. એનામાં શૌર્ય ધમધમી રહ્યું હતું અને છતાં એ ન્યાયી, ધીર, વીર અને ખરો બહાદુર હતો. એણે ચંડવેગને સજા કરી, તરછોડ્યો, ધમકાવ્યો અને નાગો કર્યો, તેમાં એના સ્વમાનનો વિષય હતો. એક દૂત જેવો માણસ રાજસભ્યતા ન સમજે તો તો તેની સાન બરાબર ઠેકાણે લાવવી જોઈએ એટલો જ તેનો આશય હતો, પણ એમાં કોઈ અંગત સવાલ નહોતો. પોતાના પિતા નરમ છે, ભલા છે, ખોટી રીતે મોટા માણસની શેહમાં દબાઈ જાય છે તે તેને ગમતું નહોતું, બાકી એને અંગત ઝેર નહોતું. એને આજે રાજા પ્રજાપતિ પોતે શંખપુર જાય છે અને ત્યાં અશ્વગ્રીવના કોઈ હુકમને કારણે જવાનું થાય છે એવી ખબર પડતાં પોતે અને વડીલભાઈ અચળ પિતા પ્રજાપતિ પાસે આવ્યા.

'પિતાજી! અત્યારે શેની તૈયારી ચાલી રહી છે?' આવો પ્રશ્ન ત્રિપૃષ્ઠે પ્રથમ પિતાને પૂછ્યો. પ્રજાપતિ રાજાનો પુત્રો પર અગાધ પ્રેમ હતો. એ બંને પુત્રોથી પોતાની જાતને ધન્યવાન માનતો હતો અને પુત્રોને લાડ લડાવવામાં એણે કાંઈ કમીના રાખી નહોતી. એના લાડના પ્રમાણમાં તો છોકરાઓ તદ્દન ઊંધળી જાય, ફાટી જાય અને માણસમાંથી જાય તેવી સ્થિતિ થવી જોઈતી હતી, કારણ કે ઘણા લાડને કારણે છોકરાઓને પોતાનાં મન પર કાબૂ આવતો નથી અને માગે તે મળે અને ભાવે તે હાજર થાય તો આખું ચારિત્ર–બંધારણ ઘણીવાર શીર્ણવિશીર્ણ થઈ જાય છે. છતાં અચળ અને ત્રિપૃષ્ઠ જરા પણ બગડી ગયા નહોતા. બંનેની પિતૃભક્તિ અનન્ય હતી અને બંનેને અરસપરસ એટલો બધો સ્નેહ હતો કે અચળ વગર ત્રિપૃષ્ઠને ન ચાલે અને ત્રિપૃષ્ઠ વગર અચળને ન ચાલે. બંને બહાદુર હતા, શરીરે બળવાન હતા અને સગા ભાઈની જેમ ખૂબ સ્નેહથી વર્તતા હતા.

રાજા પ્રજાપતિએ ટુંકાણમાં રાજરાજેશ્વર અશ્વગ્રીવનો હુકમ કહી સંભળાવ્યો અને પોતે શંખપુર જઈ આજ્ઞા પ્રમાણે શાલીનું રક્ષણ કરશે એમ જણાવ્યું, પણ એ વાત જણાવતાં જાણે પોતાને હીણપ લાગતી હતી એવો એમના જવાબમાં ધ્વનિ હતો. બંને પુત્રોએ (અચળ અને ત્રિપૃષ્ઠે) એક સાથે કહ્યું, 'પિતાજી! આવા કામ માટે આપની આધેડ વયે

For Private And Personal Use Only

આપને તસ્દી લેવાની ન હોય. રાજાનો હુકમ શાલિનું રક્ષણ કરવાનો છે, આપે જ પોતે જવું એવો એનો કાંઈ હુકમ નથી. આપની આજ્ઞાથી અમે આપનું કામ બજાવી દેશું.' રાજા પ્રજાપતિ હવે લગભગ આધેડ મટી વૃદ્ધ થવા આવ્યા હતા, એમને કુમારની માગણી યોગ્ય લાગી, પણ બાળકો કાંઈ સાહસ કરી ન બેસે એટલા માટે એમની માગણીનો સ્વીકાર કરતા બોલ્યા, 'જુઓ ભાઈ! તમે ચંડવેગ દૂતના હાલહવાલ કર્યા તેને પરિણામે આ હુકમ આવ્યો છે, હવે વળી કાંઈ સાહસ કરી બેસશો તો એ મોટો રાજા આપણો ઘાણ કાઢી નાખશે અને આપણને દુનિયા–પાણીમાંથી કાઢી નાંખી મુળમાંથી ઉખેડી નાખશે. માટે તમે ત્યાં જઈને શાલિનાં ખેતરોનું રક્ષણ કરવાનું કામ કરજો અને નકામા તરતકરારમાં પડી મહારાજાનો ખોફ વહોરવાનું કાંઈ કરતા નહિ.' પુત્રોએ પિતાને જણાવ્યું કે તેમણે કોઈ પ્રકારની ચિંતા કરવી નહિ, તેઓ સર્વ ઘટતું કરશે.

રાજા પ્રજાપતિને પુત્રો ઉપર વધારે પડતો રાગ હતો, એ છોકરાઓને કાંઈ કહી શકે તેવો તેનો સ્વભાવ ન હતો, પણ વાત્સલ્યથી ભરપૂર હતો, એને મનમાં જરા જરા શંકા પણ પડી કે કદાચ જુવાન છોકરાઓ કોઈ ઉછાંછળું પગલું ભરી અશ્વગ્રીવ રાજાને દુભવશે, પણ એ બોલી શક્યા નહિ અને યોગ્ય ભલામણ કરી, શરીરની જતનાં કરવાનું સૂચવી, બંને પુત્રોને ખેતી દરમિયાન શાલિના ખેતરોનું રક્ષણ કરવા શંખપુર મોકલ્યા.

અચળ અત્યારે મધ્ય જુવાનીમાં હતો, ત્રિપૃષ્ઠ ઊગતો યુવાન હતો, બંનેમાં તેજ ઝગઝગતું હતું, પણ ત્રિપૃષ્ઠ ખરો ક્ષત્રિયવીર. એણે ખરી મરદાનગી એકઠી કરી હતી, પોતાની શક્તિ જાળવી રાખી હતી અને તાલીમપૂર્વક તે વખતે પ્રાપ્ત થતી શસ્ત્રવિદ્યાઓ શીખી લીધી હતી. એ અચૂક બાણાવળી હતો, એનો તરવારનો ફટકો અફર હતો અને અખાડાની કુસ્તીમાં એ ખરો રાજમલ્લ બની ગયો હતો. શરીરમાં ચરબીના ગઠ્ઠા વગર એના સ્નાયુ બદ્ધ હતા, એનાં હાડકાં મજબૂત હતાં. અને એની આંખમાં શૌર્ય હતું. બંને ભાઈઓ શંખપુર આવ્યા. ત્યાં આવી અગાઉ નાના નાના રાજાઓ ત્યાં આવતા ત્યારે શાલિ–ખેતરોનું કેવી રીતે રક્ષણ કરતા હતા તેની તપાસ કરી. તપાસમાં જણાયું કે રાજાઓ આવતા તેઓ આ ખેતરો ફરતો હાથી, ઘોડા અને હથિયારોનો તેવડો ગઢ રચતા, આખો વખત સાવધાન થઈ રહેતા અને પ્રત્યેક ક્ષણે સિંહને આવવાના ભયથી કંપતા. કોઈ વખત તુંગગિરિ પરથી સિંહનો નાદ સાંભળી ગભરાતા, કોઈ વાર એમના હાથી ઘોડામાં દોડાદોડ થઈ જતી અને કોઈ વાર એમના પદાતિઓ પણ પોતાના ઈષ્ટદેવને સ્મરવા મંડી જતા. એ પ્રમાણે ભયમાં, ગભરાટમાં અને દોડાદોડીમાં સમય પૂરો કરતાં અને શાલિ કપાય એટલે પોતાનો છૂટકારો થયો માની અહીંથી પાછા જતા અને જતા ત્યારે નવે અવતારે ઘર ભેગા થયા એમ માનતા.

ત્રિપૃષ્ઠને આવી હીચકારી વર્તણુંક પર તિરસ્કાર આવ્યો. એણે તો તુંગગિરિનો માર્ગ પૂછ્યો અને સિંહની ગુફાનું સ્થાન શોધવાનો માર્ગ લીધો. બંને ભાઈઓએ વિચાર કર્યો કે મહિનાઓ સુધી ચોકીપહેરો કરવો અને આખો વખત સિંહના આવી પહોંચવાના ભયમાં સબડવું એ તો અક્કલ વગરનું હીચકારાનું કામ છે. સિંહ હોય કે ગમે તે હોય, રાજા હોય કે મોટો માંધાતા હોય, એનો હમેશ માટે ભય રાખ્યા કરવો, એ શું કરશે અને ક્યારે કરશે એની ચીવટ અને ચિંતામાં આખો વખત રહેવું અને નિરાંતવાળી ઊંઘનો ત્યાગ કરવો એ તો વાત બોજે નહિ, એ તો સાચા ક્ષત્રિયને છાજે પણ નહિ અને એવી જાતની જિંદગી જીવવામાં કાંઈ માલ પણ નહિ. આ પ્રમાણે વિચાર કરી બંને ભાઈઓએ પોતાની સાથેનું લશ્કર શંખપુરમાં મૂકી દીધું અને જાતે તુંગગિરિનો માર્ગ લીધો. એને રસ્તો બતાવવા આવનાર માણસોના ગભરાટનો પાર નહોતો, એમને સિંહના ભયે એટલા થથરાવી નાખ્યા હતા કે એ તો સિંહના શબ્દોચ્ચારથી પણ ધ્રૂજી જતા હતા. ચાલતા ચાલતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંપત્તિ મેળવો પણ કેવી ?

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

જગતમાં દ્રવ્ય અને સંપત્તિ મેળવો એવો ઉપદેશ કરવાની જરૂર હોતી નથી. કારણ સંગ્રહ કરવાની વૃત્તિ મનુષ્યને તો શું પણ કીડી જેવા તુચ્છ કૃમિ-કીટકમાં એ સંજ્ઞા જન્મથી જ ઉત્પન્ન થયેલી હોય છે. પણ એ સંપત્તિ આ જગતમાં સુખેથી પેટનો ખાડો પૂરી શકાય અને આપત્તિના વખતમાં તેનો ઉપયોગ કરી શકાય એટલો જ હોય છે. એ સંપત્તિ મનુષ્ય પાસે જેમ જેમ વધુ પ્રમાણમાં ભેગી થાય છે, ત્યારે એ સંપત્તિ પોતાની સાથે મોહિની નામની એક ધુતારી લેતી આવે છે. અને પછી એ સંપત્તિ કેટલી વધારવી કે એનો સંગ્રહ કેટલી હદે કરવો એની મર્યાદા રહેતી નથી. અને એ વધતા તો અતિક્રમણ કરી એ સંગ્રહખોરને પોતાનો દાસ બનાવી લે છે. એની ઊંઘ ઊડી જાય છે. અને જેમ દારૂડીયાના આચરણનો કોઇ નિયમ કે બોલવાનું કોઇ ઠેકાણું હોતું નથી, તેમ એ સંગ્રહખોરની મતિ બહેર મારી જાય છે. અને સંપતિનો એ માલેક નહીં પણ ગુલામ બની જાય છે. આમ સંપત્તિની સંગ્રહખોરીથી અનંત વિપરીત પરિણામો આવવાથી સંપત્તિમાન માનવ લોકાદરને પાત્ર થવાને બદલે લોકનિંદાને પાત્ર બની જાય છે. અને એ મનુષ્ય અનેકોનાં સુખના આડે આવનારો બની ઘણાઓને એ પોતાનો દુશ્મન લાગે. આવાં કડવાં ફળો એની પાછળ ઉત્પન્ન થતા હોવાને કારણે જ શાસ્ત્રકારોએ એ સંપત્તિના પરિગ્રહને પરિમાણની કાતર લગાવી તેના સંગ્રહને નિશ્ચિત મર્યાદા બાંધવાનું ફરમાવેલું છે.

આવી દ્રવ્યની સંપત્તિ તો ચોરી જવાની કે બળી જવાની ધાસ્તી પણ રાતદિવસ રહ્યા જ કરે તેમજ વેપારમાં ખોટ આવવાનો પણ સંદેહ એની સાથે જોડાએલો જ હોય છે. દાન આપતાં પણ એ ઓછી થાય એ સ્વાભાવિક છે. ત્યારે આપણે તો એવી સંપત્તિ એકઠી કરવાની હોય કે જે કોઇ આપણી પાસેથી પડાવી લઇ શકે જ નહીં. ચોર ચોરી કરી શકે નહીં અને રાજા છીનવી શકે નહીં. અને એમાં એવો ગુણ હોય કે એનું દાન કરતા એ જાય તો નહીં જ, પણ ઉલટી વધે. એવી સંપત્તિ જો આપણે મેળવીએ તો એનો સ્વાદ અને આનંદ આપણે નિર્ભયપણે લૂંટી શકીએ. એમાંથી કોઇ ભાગ પડાવી પણ ન શકે. એવી સંપત્તિ તો જ્ઞાનની જ હોઈ શકે. અર્થાત્ આંખે જોઇ ન શકાય છતાં એનું સુખ તો એ આપ્યા જ કરે. આવી સંપત્તિ જેની પાસે ભરપૂર હોય તેને રાતમાં અને દિવસમાં સુખ અને સમાધાન આપ્યા જ કરે. એ સંપત્તિ તો એની જન્મની સાથી થઇ અન્તમાં એ સાથે જ આવે. જડ એવી ધન વિગેરે સંપત્તિ તો કોઈની પણ સાથે ગઇ નથી. અને છેલ્લી ઘડીએ આનંદ અને સમાધાન આપી શકી નથી. જ્ઞાનની સંપત્તિ પાસે હશે તો દેશાંતરમાં કે ગમે તેવા પારકા દેશમાં પણ

---

તુંગગિરિ પર પહોંચ્યા, દૂરથી સિંહની ગુફા બતાવી ગામડિયા ખેડૂતો તો ભાગી ગયા. ત્રિપૃષ્ટ અને અચળે તેમની નબળાઈ પર હાસ્ય કર્યું. રસ્તો બતાવનાર ખેડૂતો દૂર જઈ ઝાડ પર ચડી બધો મામલો જોવા લાગ્યા. તેમને થયું કે આ બંને જવાનીઆઓનું આજે આવી બન્યું છે. જે સિંહની રાડ માત્રથી માણસના ગાત્ર ગળી જાય તેવો એનો નાદ છે, જેની કેશરા અત્યંત આકર્ષક પણ ગુચ્છાવાળી છે અને જેની આંખોનું તેજ ચમકદાર છે તેની પાસે આ અભરૂ બાળકો શું કરી શકવાના છે ? આવા આવા વિચાર કરી ઝાડ પર ચઢી મામલો જોવા લાગ્યા. (ચાલુ)

સ્વ૦ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)



For Private And Personal Use Only

એ મનુષ્ય દ્રવ્ય અને બહુમાન અનાયાસે મેળવી શકશે. પોતાની બુદ્ધિના પ્રવાહથી એ પોતાની કીર્તિ ત્યાં પણ ફેલાવી શકે છે. એવી આ જ્ઞાનની સંપત્તિ જેટલી બને તેટલી ક્ષણશઃ અને કણશઃ મેળવવાથી આત્માની શક્તિ અને સામર્થ્ય વધવાનું જ એ નક્કી છે. આવી સંપત્તિ મેળવવા માટે રાતદિવસ પ્રયત્ન કરવાથી આપણને કોઈ લોભી કહી શકશે નહીં. કારણ પૈસા કમાવા માટે માણસ લક્ષ્મી પાછળ ગાંડોતુર થઇ રાતદિવસ રખડ્યા કરે છે અને મનનું સ્વાસ્થ્ય ગુમાવી બેસે છે, તેવી સ્થિતિ જ્ઞાનની સંપત્તિની નથી. દ્રવ્ય વધુ કમાનારને તો લોકો લોભીઓ કહી નિંદે છે. અને તેને પોતાના જીવનમાં સમાધાન મળતું નથી તેવી સ્થિતિ જ્ઞાનની સંપત્તિ મેળવનારની થતી નથી. એ તો પોતાની વધતી કમાણીથી સાચે જ મોટો બને છે. અને એનું સુખ અને આનંદ વધતાં જ રહે છે. એવો આનંદ દ્રવ્યની પાછળ દોડનારના સ્વપ્નમાં પણ આવવાનો સંભવ નથી. એટલું જ નહીં પણ કેવળ આર્થિક સંપત્તિ ધારણ કરનારને જ્ઞાનીઓની સલાહ કે માર્ગદર્શન શોધવું પડે છે. અને દ્રવ્યપતિ ધારે કે હું કોઈપણ જ્ઞાનીને પોતાના દ્રવ્યથી ખરીદી શકીશ તો એ તેની માન્યતા તદ્દન નિષ્ફળ થએલી જોવામાં આવે છે.

સાચા જ્ઞાનનું ફળ વિરતિ હોય છે. તેથી સાચા જ્ઞાનીને દ્રવ્યનો મોહ પણ અલ્પ હોય છે. અને એ પોતાના જ્ઞાનાનંદ આગળ જગતના બધા ભપકા અને ચમકારાને વિજળીના ક્ષણભંગુર ચળકાટ જેવું માને છે. એવા દાખલાઓ જગતમાં ઘણા જોવા મળે છે. અને જ્ઞાનીઓ તો દ્રવ્યને ઉપાધી જ ગણે છે.

એ માટે જ જગતમાં જ્ઞાનાનંદ મેળવી તે ભોગવવા માટે જગતનો ત્યાગ કરી સુખલોલુપતાને તેઓ ઠોકરે મારે છે. સાધુ કે સંન્યાસી બનવું એટલે વેષપરાવર્તન કરવો એટલી જ તુચ્છ કલ્પના સાધુત્વમાં સમાએલી હોતી નથી. સરળતા, ઉદારતા અને પ્રામાણિકતા સજ્જનતાના ગુણો તેમનામાં નિરપવાદપણે હોવા જ જોઇએ. સાચા જ્ઞાનીઓને અહંકાર સ્પર્શતા પણ નથી. મતભેદ હોય એ સમજી શકાય તેમ છે. પણ જ્ઞાનીઓ મતભેદને મનભેદનું તેમજ સત્ય વસ્તુના આગ્રહને દુરાગ્રહ કે હઠાગ્રહનું રૂપ કોઈ દિવસ આપતા જ નથી. તેઓ સારી પેઠે જાણે છે કે, તેઓ ભલે જ્ઞાની હોય પણ પોતાનો મત બીજા ઉપર ઠોકી બેસાડવાનો એમને અધિકાર નથી પોતાનો મત બીજાઓને રુચે નહીં ત્યારે તેઓ પોતાની જ નબળાઇ ગણી આગ્રહ મૂકી પોતાનું સાધુપણું સિદ્ધ કરી બતાવે છે. આવી હોય છે સાચી સંપત્તિની ખુમારી.

જ્ઞાન મેળવી, એનો હેતુ સમજી પોતાના અંતરંગની શુદ્ધિ પહેલા કરવી જોઇએ. એમાંના નાના નાના જણાતા દોષો વીણી વીણીને કાઢી નાંખવા જોઇએ. અને પોતાની વાણીથી અને આચરણથી બીજાઓને દુઃખ તો થતું નથી ને! એની તકેદારી રાખવી જોઇએ. પોતાને જ્ઞાની માની અન્યોને તુચ્છ ગણે એ જ્ઞાની નહીં પણ સાચો અજ્ઞાની જ હોય છે. કારણ અહંભાવ એ સાચા જ્ઞાનનો કટ્ટર શત્રુ હોય છે. પોતાને બીજાઓને સંભળાવવાનો જેવો અધિકાર હોય છે તેવો જ અધિકાર બીજાઓને પણ હોય છે, એ સારી પેઠે સમજી રાખવું જોઇએ. એટલી મનની ઉદારતા મનને આવી જાય છે ત્યારે જ જ્ઞાન દીપી નીકળે છે. ગર્વિષ્ઠ અને હલકી ભાષા મોટેથી બોલનારમાં હજુ સાધુતા પ્રગટી જ નથી એ સમજી રાખવું જોઇએ. જ્ઞાનીની ભાષા તો પ્રેમ, સમાધાન અને મનને પ્રમોદ પ્રગટાવનારી હોય. અને એ સાંભળતા સાંભળનારના રોમેરોમમાં આનંદની ઊર્મિઓ પ્રગટી નીકળે એ છે સાચી સંપત્તિનો પ્રભાવ! એવો અનુભવ થતો નહીં હોય તો નક્કી સમજી રાખવું જોઇએ કે, એનામાં જ્ઞાનની સાચી સંપત્તિ પરિણમી નથી. પણ એમાં જ્ઞાનની ખુમારી નહીં પણ જ્ઞાનનો એ અપચો છે. એ સંપત્તિ સાચી નથી, પણ વિપત્તિને આમંત્રતી એ વ્યાધિ છે. આંબાના ઝાડ નીચે કોઈ જઈ બેસે તો ઋતુ પાકયો નહીં હોય તો ફળો નહીં મળે પણ શીતળ છાયા તો જરૂર મળે છે જ. એવી હોય છે જ્ઞાનસંપત્તિની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધૂરું સ્વપ્ન

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

એકાએક મહાપંડિતના પગ એ સાંભળતાં જ થંભી ગયા ! જેમની પંડિતાઈ માત્રથી ચિતોડગઢની જનતા જ નહીં પણ સારાયે રાજસ્થાન–માળવા અને ગૂજરાત જાણકાર હતું અને પોતાને જે કોઈ પરાજય પમાડે એનો હું શિષ્ય થઈ જાઉં એવી જેમની પ્રતિજ્ઞા આબાળવૃદ્ધ પ્રસિદ્ધ હતી એ ધુરંધર વિદ્વાન્, વણિકવાસમાં આવેલ એક આર્યાઓની વસતી સમીપ શા કારણે ઊભા રહી ગયા ?

કારણમાં એટલું જ કે તેમના કર્ણપટ પર 'ચકચક' જેવો રવ અથડાયો. વસતીમાં રહેલ આર્યાનો એ મધુરો સાદ હતો. આ સાંભળ્યા છતાં વિદ્વાન્ પંડિતજી એ પાછળનું તારતમ્ય સમજી શક્યા નહીં. તરત જ આર્યા પાસે પહોંચ્યા અને બોલ્યા.

સાધ્વીજી ! તમો આ 'ચકચક' ઉચ્ચાર શાના કરો છો ?

મહાશય ! તમો ભૂલો છો. નવો વસ્તુ 'ચકચક' અવાજ કરે; જ્યારે આ તો પ્રાચીન છે. એમાં જ્ઞાની ભગવંતોએ, આ ભારતવર્ષમાં પ્રથમ તીર્થપતિ શ્રી યુગાદિશથી આરંભી ચરમ તીર્થંકર શ્રી મહાવીર દેવના સમય દરમીઆન થયેલ ચક્રવર્તીઓ અને વાસુદેવોનો અનુક્રમ બતાવ્યો છે. આખી ગાથા આ પ્રમાણે છે—

**चक्की दुगम् हरिपणगम् पणगम् चक्की केशवो चक्की;**
**केशव चक्की केशव, दु चक्की केशी अ चक्की अ.**

સાધ્વી માતા ! ભલે તમે નારી જાતિ હો, પણ તમારા પ્રત્યુત્તરથી હું મારો પરાજય સ્વીકારું છું. મારી પ્રતિજ્ઞા મુજબ આજથી હું આપનો શિષ્ય થઈ ચૂક્યો છું. મારું શિષ્યપદ સ્વીકારો અને એ ગાથાનો અર્થ સ્પષ્ટ કરો.

મહાનુભાવ ! વીતરાગ દર્શનમાં શિષ્ય કરવાની વિધિ ગુરુમહારાજને આધીન હોય છે. અમારાથી પુરુષને શિષ્યરૂપે સ્વીકૃત કરી શકાય નહીં. આપની તમન્ના હોય તો અમારા ગુરુ પાસે જઈ આપ ભાગવતી દીક્ષા અંગીકાર કરી શકો છો. અમારા એ ધર્માચાર્યનું નામ જિનભટજી છે. હા, ગાથાનું સ્પષ્ટીકરણ પૂર્વાચાર્યોએ નિમ્ન પ્રકારે કરેલ છે તે હું આપને જણાવું છું.

પ્રથમ બે ચક્રવર્તીઓ થયા, પછી પાંચ વાસુદેવો થયા.

---

ફલશ્રુતિ. ત્યારે આપણે સંપત્તિ મેળવવી હોય છે તે સ્વપરને હિતકારિણી હોય તો જ એ આત્મસંપત્તિના ઉપમાનને પાત્ર છે.

સાચી જ્ઞાનસંપત્તિની જેણે કમાણી કરેલી હોય છે તે પોતે જ્યારે પોતાની યત્કિંચિત્ પણ ભૂલ જુએ છે ત્યારે તેના મનમાં દુઃખ થાય છે અને એ ભૂલ જાહેર રીતે પ્રગટ કરી મિચ્છામિ દુક્કડં પ્રગટ કરે છે. એવા નાના સરખા શલ્યની પણ એને વેદના થાય છે અને એ શલ્ય કાઢી નાખવા એ પ્રયત્નશીલ થાય છે. અને જ્યારે એ શલ્ય કાઢી નાખે છે ત્યારે જ એને સમાધાન થાય છે. એવા હોય છે જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કરી લેનારાઓ !

પોતાની ભૂલ પોતે જાણવા છતાં એ ઢાંકવા એનું એ જ રટણ કરી એનું સમર્થન કરવા અનેક તુક્કાઓ શોધ્યા કરે એ જ્ઞાની શી રીતે ગણાય ? અને એની વાણી અને વર્તનનું ખોટું પરિણામ આવે તેનો દોષ કોના માથે ?

સાચી જ્ઞાનસંપત્તિ બધાઓને પ્રાપ્ત થાય, તેમનામાં સજ્જનતા, ઋજુતા, આત્મલક્ષી વાસના અને બુદ્ધિ વધે અને એઓ સાચો જિનેંદ્રપ્રણીત ધર્મ પ્રાપ્ત કરે એ જ શુભેચ્છા !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પછી પાંચ ચક્રવર્તીઓ, એક વાસુદેવ અને એક ચક્રી થયા.

પછીના ક્રમમાં એક વાસુદેવ, ને એક ચક્રી, અને એક વાસુદેવ.

જ્યારે છેલ્લા ક્રમમાં **બે ચક્રવર્તી**, એક વાસુદેવ અને એક ચક્રવર્તી.

આ રીતે બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ થયા છે. એ સંબંધી વિસ્તૃત અધિકાર અમારા ગુરુ-મહારાજ પાસેથી આપ જાણી શકશો.

પૂજનીક મહત્તરાજી, આપનું નામ જણાવવા કૃપા કરશો.

મારું નામ **યાકિની** છે, આ મારી શિષ્યાઓ છે. અમો શ્વેતાંબર સંપ્રદાયના હોઈ અમારા ગચ્છનું નામ **વિદ્યાધરગચ્છ** છે.

ઉપરનું દ્રશ્ય જોતાં જ બોલી જવાયું, અરે આ તો **મહાત્મા હરિભદ્ર**વાળો બનાવ. જાતે મહાન્ વિદ્વાન્ અને એમાં સ્યાદ્વાદ દર્શનનો યોગ સાંપડ્યો. પછી ન્યૂનતા શી ? રહે એ તો લોકોક્તિ મુજબ સૂળમાં હીરો અને પાછો એ કુંદનમાં જડાયો. જૈન દર્શનમાં જે ધુરંધર પંડિતો થયા છે એમાં આચાર્ય **શ્રી હરિભદ્રસૂરિ**નો અવલ નંબર છે, એટલું જ નહીં પણ તેમના વચનો ટંકશાળી ગણાય છે, જૈનેતર વિદ્વાનો પણ તેઓશ્રીની **મધ્યસ્થદ્રષ્ટિ** માટે ભારોભાર માન ધરાવે છે. તેઓશ્રીએ '**ષડ્દર્શન** અને **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**' નામા ગ્રંથોમાં જૂદા જૂદા દર્શનોની જે સમન્વય દ્રષ્ટિથી સમાલોચના કરી છે અને એ દરેક માટે માનની નજરથી જોયું છે તે આજે પણ આ મહાપુરુષની અનોખી પ્રતિભાસૂચક જીવંત પ્રમાણરૂપ છે.

ત્યાં તો મારી દ્રષ્ટિ ચિત્રની બાજુમાં લટકાવેલ પટ પર પડી.

કૃપા કરી કુવાસનારૂપ વિષયને કાઢી નાખી, અચિન્ત્ય વીર્યવડે મારા હૃદયમાં જેણે સુવાસનારૂપ અમૃત સિંચ્યું તે **શ્રી હરિભદ્રસૂરિને** નમસ્કાર હો.

**—શ્રી જિનેશ્વરસૂરિ**

આકાશમંડળને ઉજાળનાર સૂર્યપ્રકાશ ક્યાં અને તેને ઉજાળવા મથતો આગીઓ ક્યાં ? **હરિભદ્રનાં** બુદ્ધિશાલીથી જ ગમ્ય થઇ શકે તેવાં સતવચનો ક્યાં ? અને તેનું સ્પષ્ટીકરણ કરવા મથતો હું અજ્ઞાન ક્યાં ?

**—વાદીદેવસૂરિજી**

જેમના ભુવનરંગમાં વિકસિત રસભાવથી પરિપૂર્ણ એવી વાણી દીર્ઘકાળ નાચે છે તેવા શ્રી **હરિભદ્રસૂરિ**નું ભદ્ર થાઓ.

**—લક્ષ્મણગણિ**

અતિ ગંભીર સુકુમાર **હરિભદ્રની** વાણી ક્યાં? અને સ્વલ્પશાસ્ત્રોમાં શ્રમ કરનાર એવો આ જડબુદ્ધિ હું ક્યાં ?

**—મલયગિરિસૂરિ મહારાજ**

યથાસ્થિત અર્હન્મતની વસ્તુ જાણનાર, સર્વ વિપક્ષવાદીઓને જીતનાર, વિદગ્ધ મધ્યસ્થ નરની મૂઢતાના શત્રુ એવા **હરિભદ્રસૂરિને** નમસ્કાર હો.

**—યક્ષદેવમુનિ**

જેમની સમ્યક્ સિદ્ધ વિદ્યાવાળી વાણી ઉપર સારી રીતે જીવીને-આધાર રાખીને અહન્ પંથે પણ સુખથી પ્રવૃત્ત થઇ શક્યો તે **સિદ્ધસેન, હરિભદ્ર** પ્રમુખ આચાર્યો મારા પર સુખાર્થે પ્રસાદવંત-કૃપાવંત થાઓ.

**—યશોવિજયજી ઉપાધ્યાય**

અરે પણ આ શું ? જે મહાત્માના જ્ઞાન-અભ્યાસ અને સ્વભાવ માટે જૂદાજૂદા વિદ્વાનોએ કરેલ સ્તુતિવાળો **પટ** હજુ મારા હૃદયમાં રમી રહેલ છે ત્યાં એ જ મહાત્માને અહીં કેવા રૂપે નિહાળું છું!

પોતાના **હંસ** અને **પરમહંસ** નામા વિદ્વાન્ શિષ્યોનું બૌદ્ધો દ્વારા કરાયેલ પરલોકપ્રયાણ સાંભળી જેમના દેહમાં કોઇ અનોખી ક્રોધાગ્નિ ભભુકી ઉઠેલી છે અને ગાત્રો ધ્રૂજી રહ્યાં છે એ આ તે જ હરિભદ્રસૂરિ છે કે અન્ય ?...

આંખ ચોળીને જોતાં ખાતરી થાય છે કે-છે તો એ જ મહાત્મા ! ખરેખર કષાયના પાશમાં જકડાઈ ચૂકેલા ઉપાસકો દ્વારા તેલની ઉકળતી કડાઈ મંગાવી રહ્યા છે અને મંત્રશક્તિના જોરે કુંકરીઓ મંત્રીને ઢગલો કરી રહ્યા છે ! પોતાના **વહાલા બે શિષ્યોના**

For Private And Personal Use Only

બદલામાં બૌદ્ધોની અતિ મોટી સંખ્યાનું-અનુમાનથી ૧૪૪૪ નું-એકેક કુંકરી કડાઈમાં નાંખી એ દ્વારા દરેકનું-મરણ નોતરી રહ્યા છે. એમ કરવાથી વૈરનો પ્રતિશોધ થશે એમ માની બેઠા છે!

'તારો ડૂબે અને ભણ્યો ભૂલે' એ જનવાયકા ખોટી નથી જ. આ પ્રખર પંડિતને ઉપાસકો શું કહી શકે? છતાં એમાંના એક બુદ્ધિમાન પહોંચ્યા **યાકિની મહત્તરા** પાસે. વસ્તુસ્થિતિ સમજાવી અને જે ભયંકર હત્યાકાંડની નોબત વાગી રહી છે તેનું નિવારણ કરવા વિનંતી કરી. યાકિનીમહત્તરા પણ એક સાધ્વીરત્ન હતા.

જ્ઞાનીઓ તો આત્મશક્તિની નજરે નર-નારીનો ભેદ કરતા જ નથી. ઉભયમાં અનંત શક્તિ માને છે અને તેથી જ મોક્ષ માટે એ બન્ને માટે દ્વાર ખુલ્લા રાખે છે. માતૃત્વની રહસ્યમય પિછાન કરી સાતમી નર્કના દ્વાર નારી જાતિને માટે બંધ કરે છે.

જુઓ, જુઓ, પેલા મહત્તરાજી, કોપના ઘટાટોપથી જેમના નેત્રો રક્ત બની રહ્યા છે તેવાશ્રી હરિભદ્રસૂરિની સન્મુખ ખડા રહી કંઇ વદી રહ્યાં છે. ધ્યાનથી ઉભય વચ્ચેનો વાર્તાલાપ સાંભળવા જેવો છે. લોકોક્તિ છે કે 'તેજી તુખારને ચાબુક મારવાની ન હોય, માત્ર એનો અવાજ સંભળાવવાનો હોય.' એટલા ઇશારાથી જ એ સમજી જાય. મહત્તરા પણ એ માર્ગે જ વળ્યા.

યાકિની મહત્તરા—મુનિરાજ, ગુરુમહારાજે આ ત્રણ પ્રાકૃત ગાથાઓ આપી છે. એનું રહસ્ય સમજાવવા કૃપા કરશો.

અહો માતુશ્રી! આવી વિષમ વેળાયે આપ પધાર્યા!

ગુરુદેવ, આપે જ કહ્યું છે કે—

**'જે કરવું તે આજે કીજે, કાલે શી વાતો;**
**મરણતણા નિશાન મોટા, ગાજે છે માથે.'**

થોડો જ કાળનો ભરોસો છે.

જ્યાં મહાત્મા એ પર દૃષ્ટિ ફેંકે છે ત્યાં 'क्षमा वीरस्य भूषणम्' અને '**ક્રોધનાં ફળ કડવાં**' છે. એ વાત તાજી થાય છે. તરત જ તેઓ પોકારી ઉઠે છે.

માતા, તમો મારા મહાન્ ઉપકારી છો. પ્રથમ મને માર્ગે ચઢાવ્યો અને આ બાજી વેળા, માનવભવ હારી જતાં બચાવ્યો. ખરેખર હું શ્રમણધર્મના માર્ગથી ભ્રષ્ટ થઇ ગયો હતો! અહિંસા નામા પ્રથમ મહાવ્રતને સાવ વીસરી ગયો હતો. કોના શિષ્ય અને એ માટે શાના શત્રુઓ. મને એ રાગ-દ્વેષના બંધન ન શોભે. ફગાટી દઉં છું એ સર્વને. મંત્રેલી કુંકરીઓથી કોઇનો જીવ નહીં લઉં, પણ એ દ્વારા શ્લોકરચના કરીશ કે જેથી એ સાહિત્ય સ્વપરને કલ્યાણકારી નિવડે. એના મંગળાચરણરૂપે આપેલી ગાથા ઉપરથી ગુણસેન-અગ્નિશર્માના જીવનસૂચક **સમરાદિત્ય ચરિત્ર**ની પ્રાકૃત રચનાથી કરીશ. મારું જીવન ઉજાળનાર મહત્તરાને નહીં ભૂલી શકાય એટલે એની સ્મૃતિમાં-હરિભદ્ર નામ સાથે '**યાકિનીમહત્તરાસૂનુ**' એવો પ્રયોગ કરીશ.

આજે જો કે ચૌદસો ને ચુમાળીશ ગ્રંથો તો ઉપલબ્ધ નથી થતા પણ ન્યાય અને યોગના સંખ્યાબંધ પ્રમાણભૂત ગ્રંથો તેમજ પ્રકરણો ને અષ્ટકો આદિ ઠીક ઠીક સામગ્રી ઉપલબ્ધ થાય છે. જૈન ઇતિહાસમાં આ આચાર્યનું સ્થાન અતિ મહત્વનું છે. ઉત્તરકાલીન સ્વરૂપના સંગઠનકાર્યમાં તેમણે મોટો ફાળો આપ્યો છે. ઉત્તરકાલીન જૈન સાહિત્યના ઇતિહાસમાં તેઓ પ્રથમ લેખક ગણાય છે. ભૂરિ ભૂરિ વંદન હો એ સૂરિપુંગવને!

( ક્રમશઃ )

નવપદારાધન માટે અતિ ઉપયોગી

## સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

**નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-**પૂજનવિધાન વિગેરે વિગતો સાથે **શ્રી સિદ્ધચક્રના નવે પદનું** સંક્ષિપ્ત સુદાસર સ્વરૂપ છતાં **મૂલ્ય માત્ર આઠ આના.**

**લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યન્ત્રરાજનું રેખાદર્શન

( ૨ )

લેખક : શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**ઉપયોગિતા**-શ્રી વિકાસવિજયજીએ પંચાંગ રચવામાં મહેન્દ્રસૂરિકૃત **યન્ત્રરાજનો** ઉપયોગ તિથિ વગેરેને લગતા ગણિત પરત્વે કર્યો છે, અને એથી તો એમના કહેવા મુજબ એમણે આ [1]પંચાંગનું નામ "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ" રાખ્યું છે. અહીં જે 'જૈન' શબ્દનો પ્રયોગ કરાયો છે તે કેટલાકને ઉચિત નથી, કારણ કે તેમના મતે જૈન પંચાંગમાં તો પોષ જ માસ અધિક આવી શકે અને બીજું, જૈન પંચાંગ આજે કેટલાક સૈકાઓથી અસ્તિત્વમાં નથી અને એવું પંચાંગ બનાવવા માટે આવશ્યક એવી બધી જ સામગ્રી ઉપલબ્ધ જૈન ગ્રંથોમાં જણાતી નથી. આ એક ચર્ચાનો વિષય હોઈ એ સંબંધમાં હું અત્યારે કંઇ કહેવા ઈચ્છતો નથી, પરતુ

**યન્ત્રરાજનો** ઉપયોગ વિકાસવિજયજીની પહેલાં કોઇએ કર્યો હોય કે **યન્ત્રરાજ** રચાયા બાદ, આજથી સો વર્ષ પૂર્વે થઇ ગયેલા કોઈ જૈન ગ્રંથકારે પોતાના કોઈ ગ્રંથમાં આ **મહેન્દ્રસૂરિકૃત યન્ત્રરાજની** નોંધ લીધી હોય કે એમાંથી અવતરણ આપ્યું હોય એમ જાણવામાં નથી. આ પરિસ્થિતિમાં, જ્યોતિષાચાર્યની પરીક્ષા માટે પાઠ્ય પુસ્તક તરીકે પસંદ કરાયેલા આ **યન્ત્રરાજને**-જૈન ગ્રંથને જૈન તેમજ અજૈન જનતા સમક્ષ પ્રસિદ્ધિમાં લાવવામાં વિકાસવિજયજીનો ફાળો મહત્ત્વનો ગણાય.

**આવશ્યકતા**-મહેન્દ્રસૂરિકૃત **યન્ત્રરાજનું** મહત્ત્વ વિચારતાં એ સૂચવીશ કે આ ગ્રંથ, મલયેન્દુસૂરિકૃત ટીકા, જયસિંહજીકૃત કારિકા અને સુધાકર દ્વિવેદીએ રચેલા ટિપ્પણ તેમજ આ ગ્રંથના અંગ્રેજી અને તેમ નહિ બને તો ગુજરાતી અનુવાદ સહિત કોઇ સાધનસંપન્ન જૈન વ્યક્તિએ કે સંસ્થાએ પ્રકાશિત કરવો ઘટે.

## અનુલેખ

ઉપર પ્રમાણે લેખ લખાઇ તૈયાર થતાં હું પ્રકાશનાર્થે એ મોકલવાની તૈયારી કરતો હતો તેવામાં મુનિ (હવે પંન્યાસ) શ્રી વિકાસવિજયજીએ નિમ્નલિખિત નામે લખેલા અને "જૈન ધર્મ પ્રકાશ"માં પચ્ચીસેક વર્ષ ઉપર છપાયેલા લેખ જોવામાં આવ્યા.

### "જૈન પંચાંગ કેવી રીતે પ્રસિદ્ધ થાય?"

આ લેખો વાંચતાં **યન્ત્રરાજને** અંગે જે કેટલીક વધારાની વિગતો જાણવા મળી તેની હું અહીં નોંધ લઉં છું.

**વિષય**—"[2]આ ગ્રંથમાં અનેક જાતનાં યંત્રો, ગ્રહોના વેધ લેવાની રીતિ તેમજ પંચાંગને અનુકૂળ સ્પષ્ટ ગ્રહો અને ભાવો સાધવાની રીત પણ સરલ રીતે આપેલ છે, અને [3]**પ્રતિભાબોધકના** કર્તા શ્રીમાન દ્વિવેદી જેવા મુક્તકંઠે પ્રશંસા કરે છે. આ ગ્રંથ પંચાંગને પણ ઉપયોગી થાય તેવો છે, કારણ કે તેમાં આપેલ ગણિત જયપુરની વેધશાળા સાથે અંશે અંશ મળતું થાય છે. જો **સૂર્યપ્રજ્ઞપ્તિના** ગણિત સાથે સ્પષ્ટ ગ્રહો આ **યંત્રરાજ** ઉપરથી કરવામાં આવ્યા હોય તો સારામાં સારું વેધસિદ્ધ ગણિત સાથે જૈન પંચાંગ સંપૂર્ણ મળતું થાય એમ હું માનું છું."
—"જૈન ધર્મ પ્રકાશ" (પૃ.૪૯, અં. ૧૧ પૃ. ૩૭૬–૩૭૭)

---

૧ આ તૈયાર કરવામાં ફ્રેંચ Connaissance des Tempsનો ઉપયોગ કરાયો છે.

આ પંચાંગના મુખપૃષ્ઠ ઉપર "દૈનિક સ્પષ્ટ ગ્રહો સહિત હિંદુસ્તાનમાં સૌથી સૂક્ષ્મ ગણિતવાળું પંચાંગ". એવો ઉલ્લેખ છે.

૨ આથી મહેન્દ્રસૂરિકૃત યન્ત્રરાજ અભિપ્રેત છે.

૩ આ યન્ત્રરાજને લગતું સુધાકર દ્વિવેદીનું મેં પૂર્વે નોંધેલું ટિપ્પણ જ હોય એમ જૈ. ધ. પ્ર. (પુ. ૪૯ અં. ૧૧. પૃ. ૩૭૬) જોતાં જણાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અંકના પૃ. ૩૭૯ માં નીચે મુજબ ઉલ્લેખ છે:–

"*તે ગ્રંથ પર જ જયપુરની વેધશાળા છે એમ મેં પ્રથમ જણાવેલ છે. આ **યન્ત્રરાજ** ગ્રંથમાં જ્યોમેટ્રી (Geometry)નું ગણિત ઘણી જ સરલ રીતે બતાવેલ છે, તેમજ સાયન, નિરયનના ભેદો, ખગોળ અને ભૂગોળના વૃત્તો અને તે બધું જાણવાનાં સાધનો (યંત્રો) કેવી રીતે બનાવવા તેમજ તે યંત્રોના જુદાં જુદાં નામો વગેરે અનેક બાબતોનો તેમાં સમાવેશ કરવામાં આવેલ છે."

"જૈન પંચાંગ કેવી રીતે પ્રસિદ્ધ થાય?" એ નામથી વિકાસવિજયજીનો જે લેખ જૈ. ધ. પ્ર. (પુ. ૫૦, અં. ૧, પૃ. ૩૫–૩૯)માં છપાયો છે તેના ૩૮મા પૃ.માં નીચે મુજબનો ઉલ્લેખ છે–

"પ્રચલિત પંચાંગોમાં વિષ્કંભાદિ ૨૭ યોગો, તેના સૂર્યોદયથી ઘડીપળો સાથે આપવામાં આવે છે તે યોગ તેમજ સૂર્ય, ચન્દ્રનાં નક્ષત્રો, બારે લગ્નો વિગેરે વેધસિદ્ધ ગણિતથી કેવી રીતે સાધી શકાય તે **યંત્રરાજ** ગ્રંથમાં યંત્રવિચારણાધ્યાયમાં શ્રીમાન્ મહેન્દ્રસૂરિજી મહારાજે બતાવેલ છે."

**યન્ત્રરાજને અંગેનાં યંત્રો**–જયપુરની વેધશાળા જોવા માટે **વિકાસવિજયજી** પચ્ચાસેક વર્ષ ઉપર ગયા ત્યારે ત્યાંના યંત્રોને અંગે ત્યાંના જ્યોતિર્વિદાચાર્ય કેદારનાથે એમને નીચે પ્રમાણેની વાત કરી હતી.

"આ યંત્રો પ્રખર જૈન જ્યોતિર્વિદાચાર્ય મહેન્દ્રસૂરિકૃત **યંત્રરાજ** નામક ગ્રંથ ઉપરથી બનાવેલ છે અને તે વેધશાળામાં મુખ્ય યન્ત્રનું નામ પણ 'યન્ત્રરાજ' એવું રાખવામાં આવેલ છે અને તે યન્ત્ર (યન્ત્રરાજ) કેવા રીતે બનાવવું તેની ઉપપત્તિક સરલ પ્રક્રિયા જયપુર મહારાજા જયસિંહે કરેલી જયસિંહકારિકામાં બહુ વિસ્તારથી આપેલ છે, એવું જયપુરના રાજજ્યોતિષી પંડિત ગોકુલચંદ ભાવનવિરચિત "ભારતીય જ્યોતિષયન્ત્રાલય વેધપથ-દર્શક નામના ગ્રંથમાં પૃ. ૬૪–૬૫માં જણાવેલ છે."

—જૈ. ધ. પ્ર. (પુ. ૪૯, ÷અં. ૧૧ પૃ. ૩૭૫)

* આથી મહેન્દ્રસૂરિએ રચેલો **યન્ત્રરાજ** અભિપ્રેત છે.

÷ આ વિ. સં. ૧૯૯૦નો 'માહ' માસનો અંક છે.

●

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

( ૨૧ )

**અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

**પ્ર૦**—(૮૬) ગોચરીમાં સાધુઓ ગૃહસ્થના ઘર-દ્વાર એટલે બારણું ઉઘાડે કે નહિ?

**ઉ૦**—ઉત્સર્ગથી ગોચરીમાં સાધુઓ ગૃહસ્થના ઘરના દ્વાર ઉઘાડે નહિ. કારણે–અપવાદપદે ઉઘાડે પણ ખરા, જેને માટે શ્રી આચારાંગ સૂત્રના બીજાં શ્રુત-સ્કંધના પહેલા અધ્યયનના પાંચમા ઉદ્દેશાની ટીકામાં "**उत्सर्गतः साधुर्गृहद्वारं नोद्घाटयेत् सति कारणे अपवादम् ॥**"

**શંકા**–તે સાધુ જેઓનું તે ઘર હોય તેઓના સંબંધીઓની પાસે અવગ્રહની યાચના કરી પ્રમાર્જન કરીને ઘરનું બારણું ઉઘાડે એટલે પોતાની મેળે બારણું ઊઘાડીને પ્રવેશ કરે નહિ. જો ગ્લાન એટલે બીમાર સાધુને યોગ્ય પ્રાશુક દ્રવ્ય ત્યાં મળે એમ હોય, વૈદ્ય ત્યાં રહેતો હોય, દુર્લભ દ્રવ્ય ત્યાં મળશે એવી આશા હોય, દુષ્કાળનો સમય હોય–આ ઉપર કહેલા કારણે બંધ દ્વારની પાસે રહીને શબ્દ કરે અથવા પોતે વિધિપૂર્વક ઉઘાડીને પ્રવેશ કરે. ॥૮૬॥

For Private And Personal Use Only

પ્ર૦—(૮૭) કેટલાક નિહ્નવ પાખંડીઓ પોતાના ભોજનના પાત્રમાં પેશાબ કરીને તે પેશાબવડે પાત્ર અને મુહપત્તિ ધોવે છે તે યોગ્ય કે અયોગ્ય ?

ઉ૦—મૂત્રથી પાત્ર કે મુહપત્તિ ધોવે તે અયોગ્ય જ સંભવે છે. શ્રી બૃહદ્કલ્પભાષ્યની ટીકામાં એમ કરે તો પ્રાયશ્ચિત્ત આવે એમ કહ્યું છે. તેને લગતો પાઠ આ પ્રમાણે છે–

"वइगा अद्धाणे वा" यश्च मोकेन पात्रकं आचामति तस्यापि चतुर्गुरवः प्रायश्चित्तं कुतः इत्याह यदि मोकेन धावति तदाऽशैक्षाणामन्यथा भावो विपरिणमनं भवेत् विपरिणताश्च प्रतिगमनादीनि कुर्युः ॥

ભાવાર્થ:-જે સાધુ માત્રાવડે પાત્રને ધોવે તેને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. શાથી ? તે કહે છે કે જો માત્રાવડે પાત્રને ધોવે તો નવદીક્ષિતોને ચારિત્ર ઉપરથી ભાવ ઉતરી જાય અને દીક્ષા પણ મૂકી દે, બીજા દિવસે ભિક્ષાને માટે પાત્ર લાંબો કરે છતે માત્રાની ખરાબ ગંધ આવે એટલે લોકો પ્રવચનની નિંદા કરે કે આ લોકોએ તો હાડકાની માલા પહેરનારા કાપાલિકને જીત્યા છે જે આવી રીતે માત્રાથી પાત્રને ધોવે છે. આદિ પદ ઉપરથી શ્રાવકને પણ અભાવ થઇ જાય, જે શ્રી આચારાંગસૂત્રની અંદર મોક પ્રતિમાં સંભળાય છે તે તો અભિગ્રહરૂપ હોવાથી કદાચિત્ હોય છે, પ્રવાહરૂપે નહિ–જેમ સ્થૂલભદ્ર મુનિએ વેશ્યાને ત્યાં ચોમાસું કર્યું તેથી કોઈ જાતનો વિરોધ આવતો નથી ॥ ૮૭ ॥

પ્ર૦—(૮૮) દીક્ષાપર્યાયે વડીલ સાધુઓ નાના સાધુઓને વંદન કરે કે નહિ ? તેમજ સાધુઓ, સાધ્વીઓ અને પાસત્થા આદિને વંદન કરે કે નહિ !

ઉ૦—ઉત્સર્ગથી વડીલ સાધુઓ નાના સાધુઓને વંદન કરે નહી તેમજ સાધુઓ, સાધ્વીઓ અને પાસત્થા આદિને પણ વંદન કરે નહિ. અપવાદપદે વંદન કરે એમ શ્રી બૃહદ્કલ્પભાષ્યમાં કથન છે तथा च संक्षेपतस्तत्पाठः "अंतो इत्यादि" સાધુવેશમાં રહેલા હોય તો પણ વંદનને આશ્રિને ભજના હોય છે.

શંકા—શા રીતે ભજના હોય ?

સમાધાન—"ओमिति" જે દીક્ષાપર્યાયમાં લઘુ હોય તેને પણ પ્રાયશ્ચિત્ત વિગેરે કાર્ય નિમિત્તે વંદન કરે. પછી બીજા સમયે વંદન ન કરે, સાધ્વીઓને પણ ઉત્સર્ગપદે વંદન કરવાનું નથી, અપવાદપદે તો કોઇ મહત્તરા બહુશ્રુત છે, અપૂર્વ શ્રુતસ્કંધને ધારણ કરે છે, તેની પાસથી તે શ્રુતસ્કંધ ગ્રહણ કરવાનું હોય તો ઉદ્દેશ સમુદ્દેશાદિના સમયે સાધુ તેણીને ફેટા વંદન કરે પણ સાધુની માફક વંદન કરે નહિ. સાધુ શ્રેણીની બહાર રહેલા હોય તેમને માટે પણ વંદનને આશ્રિને ભજના જાણવી. કારણે તેમને પણ વંદન કરવું જોઇએ, ન કરે તો મહાન્ દોષ લાગે છે–જેમ અજાપાલક ઉપાધ્યાયને વંદન નહિ કરતા અગીતાર્થ શિષ્યો દોષને પામ્યા હતા, તે દૃષ્ટાન્ત આ પ્રમાણે છે–કોઇક આચાર્યે ગીતાર્થ સાધુના અભાવે અગીતાર્થ સાધુઓને પ્રત્યન્તપલ્લીમાં ક્ષેત્રની તપાસને માટે મોકલ્યા, ત્યાં રાજમાં જેનું માન સારું છે એવા સંયમથી પતિત એક ઉપાધ્યાય વસે છે. ક્ષેત્રની તપાસ માટે આવેલ તે સાધુઓ લોકને પૂછે છે કે તે ઉપાધ્યાય ક્યાં રહે છે ? ત્યારે લોકે કહ્યું કે–તે જંગલમાં રહે છે. ત્યાર પછી તે સાધુઓ જંગલમાં ગયા. ત્યાં બકરીઓ ચરાવવામાં તત્પર, સંયમથી પતિત તેને જોઇને, અરે ! આ તો અદૃષ્ટવ્ય છે એવો વિચાર કરી તે સાધુઓ અગીતાર્થ હોવાથી ધીમે ધીમે પાછા ફરે છે. તેઓને પાછા ફરતા જોઇને ઉપાધ્યાયને શંકા થઇ કે શું આ સાધુઓ મને સંયમથી પતિત જોઇને પાછા ફરે છે! પછી સંશય છેદી તે ઉપાધ્યાય ગુસ્સે થએલા પલ્લીપતિને કહેવરાવીને તે અગીતાર્થ સાધુઓને પકડાવીને જેલમાં નંખાવે છે. ત્યારપછી તેમની શોધ કરવાને માટે ગુરુઓનું ત્યાં આગમન થયું. તેઓએ ઉપાધ્યાયને વંદન કરીને કહ્યું કે આ સાધુઓ તો અશિક્ષિત અને અગીતાર્થ છે. એમ કહીને તે સાધુઓને જેલ-

માંથી મુક્ત કરાવ્યા, એ પ્રમાણે સાધુ શ્રેણિથી બાહ્ય હોય તેને પણ વંદન કરવું જોઇએ. જે વંદન ન કરે તેને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે. બીજું ચરણકરણ ગુણ રહિત કેવલ દ્રવ્ય લિંગને ધારણ કરનાર વિષે જેવું વંદન કરવું જોઇએ તેવું કહીશું.

वायाइ नमोक्कारो हत्थुस्सेहो य सीसनमणं च ।
संपुच्छणऽच्छणं त्थोभवंदणं वंदणं वा वि ॥१॥

**ભાવાર્થ**—સ્થંડિલ આવવાના માર્ગાદિને વિષે પાસત્થા આદિને જોયા હોય તો વચનથી નમસ્કાર કરવો-**वन्दामहे भवन्तं वयम्** એ પ્રમાણે બોલવું-હાથ ઊંચા ન કરવા. જો એ વિશિષ્ટ ઉગ્ર સ્વભાવવાળો હોય તો વચનથી નમસ્કાર અને હાથ ઊંચા કરે, તેથી પણ વધારે ઉગ્ર સ્વભાવવાળો હોય તો વચનથી નમસ્કાર અને હાથ ઊંચા કરીને મસ્તક નમાવીને પ્રણામ કરે છે. એટલેથી એને સંતોષ ન થાય તો આગળ ઊભા રહી ભક્તિ ન દેખાડતા શરીરની કુશલતા પૂછવી એટલે **भवतां कुशलं वर्तते** એમ બોલે. એથી સંતોષ ન થાય તો "**अच्छणंति**" શરીરની સુખશાતા પૂછીને ક્ષણમાત્ર **पर्युपासनं** સેવાનો દેખાવ કરે, અથવા કોઈ વિશેષ પુરુષ જાણીને તેમના ઉપાશ્રયે જઈને સ્તોભવંદન અથવા સંપૂર્ણ વંદન કરવું. પાસત્થા આદિને વંદન ન કરવાથી સંયમ અને આત્મવિરાધના દેખાય તો તે પાસત્થા આદિને આશ્રયીને વચનથી અથવા કાયાની ક્રિયાવડે એવી ચેષ્ટા કરે કે જેથી તેને થોડી પણ અપ્રીતિ ન થાય. જો વંદન કરવાથી કોઇપણ જાતના અપાય કે કષ્ટનો સંભવ ન હોય તો તેનો દૂરથી જ ત્યાગ કરી દેવો એ પ્રમાણે શ્રી બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે, તે પ્રમાણે પંચકલ્પ ચૂર્ણિમાં પણ આ પાઠ છે, તેનો સાર નીચે આપવામાં આવે છે—જો એક સમાચારીવાળો સાધુ પોતાની સામાચારીવાળા સાધુને ન વંદે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, એક સામાચારીવાળો સાધુ ભિન્ન સામાચારીવાળા સંવિગ્ન સાધુને વંદે અને પોતાની સામાચારીવાળા સાધુને ન વંદે તો વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, જો પાસત્થા આદિને વંદના કરે તો વિસંભોગનામક પ્રાયશ્ચિત્ત આવે, એક સામાચારીવાળો સાધુ એક સામાચારીવાળી સાધ્વીને પ્રથમ **मत्थएण वंदामि** કહીને વાંદે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે, ભિન્ન સમાચારીવાળી સાધ્વીને માટે પણ એમ જ સમજવું, સાધુને માટે પણ એમ જ સમજવું. એક સામાચારીવાળી સાધ્વીઓએ વંદના કરવી, જો વંદના ન કરે તો વિસંભોગનામક પ્રાયશ્ચિત્ત આવે. પાસત્થાદિ ચારને વંદના કરે તો પણ વિસંભોગ નામક પ્રાયશ્ચિત્ત આવે, જો સાધ્વી ભિન્ન સામાચારીવાળા સંવિગ્ન સાધુને વંદના ન કરે તો વિસંભોગ પ્રાયશ્ચિત્ત આવે, સાધ્વીઓને પરસ્પર પણ એ પ્રમાણે સમજવું "**वचसा नमस्कारो वंदनं**" એ પ્રમાણે સાંભોગિકને પ્રણામ કરે, જેવી રીતે સાંભોગિક( એક સામાચારીવાળા )ને વંદન કરે તેવી જ રીતે મસ્તકવડે પ્રણામ કરે, સાંભોગિક સાધુ સાંભોગિક સાધુને હાથ જોડીને પ્રણામ કરે, જેવી રીતે સાંભોગિક સાધુને વંદન કરે તેવી જ રીતે હાથ જોડીને પ્રણામ કરે, સાધ્વીઓએ મસ્તકે હાથ જોડીને સાધુઓને પ્રણામ ન કરવો જોઇએ. જો કરે તો વિસંભોગ પ્રાયશ્ચિત્ત આવે, વિશેષમાં એટલું કે સાધુની પાસે કારણે અભ્યાસ કરે ત્યારે ઓઢવાના વસ્ત્રમાં હાથ જોડીને ભણે, જો બહાર ખુલ્લા હાથ જોડીને ભણે તો વિસંભોગ પ્રાયશ્ચિત આવે. જો ગુરુને જોઇને પ્રણામ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે ॥ ૮૮ ॥

( ચાલુ )

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

**૧. ભગવાન મહાવીર અને માંસાહાર**—લેખક રતિલાલ મફાભાઈ શાહ, પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા–પાટણ. ક્રાઉન સોળ પેજી પૃષ્ટ આશરે ૧૨૫.

આજથી વીસેક વર્ષ પહેલાં શ્રી ધર્માનંદ કોસાંબીજીએ તથા પટેલ ગોપાળદાસ જીવાભાઈએ ભ. મહાવીરે માંસાહાર કરેલો તેવું મંતવ્ય રજૂ કરી આપણા સમાજમાં ખળભળાટ મચાવેલો તે કથનનો વિવિધ રીતે વિરોધ થયેલો. ભાઈશ્રી રતિલાલ મફાભાઈએ એ કથન તદ્દન નિરાધાર અને ખોટું છે તે આ પુસ્તકમાં, નિબંધરૂપે, સુંદર શૈલીથી રજૂ કરેલ છે. ન્યા. ન્યા. મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજશ્રીએ વિવિધ શાસ્ત્રપાઠો આપી તેમના આ પ્રકાશન–કાર્યને દીપાવ્યું છે. તુલનાત્મક અને અભ્યાસક દૃષ્ટિએ આ પુસ્તક વાંચવા યોગ્ય છે. લેખકનો પ્રયાસ પ્રશંસનીય છે.

**૨. ભગવાન મહાવીરનું ઔષધગ્રહણ**—લેખક ન્યા. ન્યા. મુનિરાજશ્રી ન્યાયવિજયજી. પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા–પાટણ.

સોળ પૃષ્ઠના આ ટ્રેકટમાં વિદ્વાન મુનિરાજશ્રીએ "કપોત" શબ્દને અનુલક્ષીને સરસ વિવેચન કરી, ભગવાન મહાવીરે કદાપિ માંસાહાર નથી કર્યો પણ ઔષધ ગ્રહણ કરેલ છે, તે યુક્તિ અને શાસ્ત્રાધારપૂર્વક સિદ્ધ કરેલ છે. પ્રયાસ પ્રશંસનીય છે.

**૩. અનુભવ ઝરણાં**—સંગ્રાહક મુનિશ્રી ઇંદ્રવિજયજી ગણિ તથા મુનિશ્રી જિનભદ્રવિજયજી. પ્રકાશક શ્રી વલ્લભસૂરિ સ્મારકનિધિ–મુંબઈ. મૂલ્ય ત્રીશ પૈસા.

આ વલ્લભસૂરિ જૈન સાહિત્યમાળાના પુષ્પ બીજા તરીકે પ્રસિદ્ધ થયેલ આ પુસ્તકમાં યોગીશ્વર શ્રી આનંદઘનજી તથા યોગનિષ્ઠ બુદ્ધિસાગરજીના રચેલા પદો તથા ભજનોનો સંગ્રહ કરવામાં આવેલો. બોડેલીમાં સ્થપાયેલ પરમાર ક્ષત્રિય–બાળકોના સ્વાધ્યાયાર્થે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સ્મારકનિધિના મંત્રી શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીનો આ જાતનો પ્રયાસ આવકારદાયક છે.

**૪. बंगाल का आदिधर्म**—બંગાળી ભાષામાં લેખક પ્રબોધચંદ્ર સેન એમ. એ. અનુવાદક–પંડિત હીરાલાલજી દુગડ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૦૦. મૂલ્ય આઠ પૈસા.

શ્રી વલ્લભસૂરિ જૈન સાહિત્યમાળાના ત્રીજા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલ આ ટ્રેકટમાં બંગાળમાં પ્રાચીન ધર્મ તરીકે જૈન ધર્મ કેટલો પ્રસરેલો હતો અને સ્થળે સ્થળે કેટલાય જૈન ભગ્નાવશેષો મળી આવે છે તે જણાવી બંગાળી પ્રજાના જીવન પર હજી પણ જૈન ધર્મની કેવી ગાઢ અસર છે તે સુંદર શૈલીથી સમજાવવામાં આવ્યું છે. પ્રબોધચંદ્ર સેન જૈનેતર વિદ્વાન છે, છતાં તેમણે જૈન ધર્મ એ બંગાળનો આદિધર્મ હતો તેની સુંદર છણાવટ કરી છે. તેમના લેખ ઉપરાંત પુરાતત્વ સામગ્રીનામા પરિશિષ્ટ અને માનભૂમમાં જૈન સ્થાપત્ય સંબંધી બે વિદ્વાન લેખકોના લેખો પણ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. પ્રયાસ આવકારદાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

૫. રતલામ શ્રી શાંતિનાથ જિનાલય પ્રકરણ અંગે ન્યાયાલયનો નિર્ણય—આપણો સમાજ રતલામના શ્રી શાંતિનાથ જિનાલયના પ્રકરણથી પૂરેપૂરો પરિચિત છે. વિના કારણ, માત્ર દ્વેષભાવથી ઉપજાવી કાઢેલ. શિવલિંગ પ્રકરણને કારણે રતલામના જૈન સમાજને અચિંત્ય હાડમારી ભોગવવી પડી છે, છતાં નિર્ભીકપણે રતલામના શ્રી સંયુક્ત જૈન સંઘે જે ખેલદિલી દાખવી છે તે અવશ્ય પ્રશંસા માગી લે છે. આ પ્રકરણને અંગે ઇંદોર કોર્ટનો જે ફેંસલો આવ્યો તેનો અક્ષરશઃ અનુવાદ આપવામાં આવ્યો છે. માહિતીની દૃષ્ટિએ ઉપયોગી પુસ્તિકા છે.

## ખેદકારક સ્વર્ગવાસ

### ૧. શ્રી માણેકચંદ જેચંદ જાપાન

સખાવતોથી મશહુર બનેલ "જાપાન" શેઠ ગત માહ વદ ૧૪ના રોજ ૬૯ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા છે. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. અનેક ધાર્મિક ક્ષેત્રોમાં તેઓશ્રીએ છૂટે હાથે સ્વદ્રવ્યનો સુવ્યય કર્યો હતો. આપણી સભાના તેઓશ્રી લાઈફ મેમ્બર હતા અને અવારનવાર સભાના હિતના કાર્યોમાં ભાગ લેતા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાન્તિ ઇચ્છી તેમના કુટુંબીજનો પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ.

### ૨. શ્રી મણિલાલ હેમચંદ સલોત

તેઓશ્રી લાંબા વખતથી પક્ષઘાતના વ્યાધિથી પીડાતા હતા. ગત મહા શુદિ ૧૫ના રોજ પચાસ વર્ષની વયે સ્વર્ગસ્થ થતાં સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેઓ મિલનસાર સ્વભાવના હતા. તેમના સ્વર્ગસ્થ આત્માને શાન્તિ ઇચ્છી તેમના કુટુંબીજનો પરત્વે હમદર્દી દર્શાવીએ છીએ.


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.


મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ :: સાધના મુદ્રણાલય, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only